**ઈ.સ.1966 થી 2026** સંસ્કારી નગરીના પાયાના પથ્થરથી લઈને સ્માર્ટ સિટી સુધીની મશાલ જલાવનારા **પ્રથમ નાગરિકોની ગાથા**

# વડોદરા યાદ કરે છે, આ વિઝનરી મેયરોને

## ■ આધુનિક વિકાસ સાથે સાંસ્કૃતિક વારસાના જતન માટે અનેક નોંધપાત્ર સુધારાઓ કરવામાં આવ્યાં છે

## ■ શહેરના રસ્તાઓનું નેટવર્ક અને પીવાના પાણીની લાઈનોનું મજબૂત આયોજન પણ મેયરો કરી ગયા હતાં

(પ્રતિનિધિ) વડોદરા તા.23
વડોદરા શહેરની ભવ્યતા અને વિકાસની ગાથામાં પાલિકાના પૂર્વ મેયરોનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. 1966 થી અત્યાર સુધીના સફરમાં અનેક નેતાઓએ શહેરની કાયાપલટ કરવા માટે દીર્ઘદ્રષ્ટિથી કામ કર્યું છે. ખાસ કરીને વડોદરાના માળખાગત વિકાસ, આરોગ્ય અને સાંસ્કૃતિક વારસાને જાળવવા માટે જે-તે સમયના પ્રથમ નાગરિકોએ પાયાની ભૂમિકા ભજવી છે. લોકશાહી ઢબે ચૂંટાયેલા આ પ્રતિનિધિઓએ જનતાના પ્રશ્નોને વાંચા આપીને વડોદરાને ગુજરાતનું એક અદ્યતન શહેર બનાવ્યું છે.વડોદરાના વિકાસમાં પાયાની ભૂમિકા ભજવનાર મેયરોમાં નાનાલાલ ચોકસીએ પાલિકાના પાયાની રચના કરી હતી. ડૉ. ઠાકોરભાઈ પટેલે શહેરના આરોગ્ય માળખાનું સશક્તિકરણ કરી હોસ્પિટલોનું આધુનિકીકરણ કર્યું હતું. રમણભાઈ હ. પટેલે પોતાના 5 વર્ષના સ્થિર શાસનમાં રસ્તાઓનું નેટવર્ક અને પીવાના પાણીની લાઈનોનું મજબૂત આયોજન કર્યું હતું. ભારતીબેન વ્યાસે સ્લમ વિસ્તારના લોકો માટે આવાસ અને મહિલા સશક્તિકરણના પ્રોજેક્ટ્સ અમલમાં મૂક્યા હતા. ડૉ. જતીનભાઈ મોદીએ શહેરના આધુનિક વિકાસ સાથે સાંસ્કૃતિક વારસાના જતન માટે અનેક નોંધપાત્ર સુધારાઓ કર્યા હતા, જ્યારે શબ્દશરણ બ્રહ્મભટ્ટે સામાન્ય નાગરિકોના પ્રશ્નોને વાચા આપી વહીવટને લોકભિમુખ બનાવ્યો હતો. આમ, આ તમામ મહાનુભાવોના સંયુક્ત પ્રયાસોથી વડોદરા આજે એક આધુનિક શહેર તરીકે ઉભરી આવ્યું છે.ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે ફલાયઓવરના નિર્માણની શરૂઆત અને તેનું સચોટ આયોજન. વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને વિશ્વામિત્રી શુદ્ધિકરણ અને પીવાના પાણીની લાઈનોનું નેટવર્ક મજબૂત બનાવ્યું.

### ●નાનાલાલ ડા. ચોકસી


**કાર્યકાળ : 01-05-61 થી 30-06-68**



આધુનિક વડોદરાના પાયાના રચયિતા પ્રથમ મેયર તરીકે નાનાલાલ ચોકસીએ 1-5-61 થી 30-6-68 સુધી સૌથી લાંબો સમય સુકાન સંભાળ્યું હતું. તેમના કાર્યકાળ દરમિયાન વડોદરા મ્યુનિસિપાલિટીમાંથી કોર્પોરેશનમાં પરિવર્તિત થયું હતું. તેમણે શહેરના આયોજનબદ્ધ વિસ્તરણ અને વહીવટી માળખાને મજબૂત કરવાના પાયાના કામો કર્યા હતા. તેમના વિઝનરી નેતૃત્વ હેઠળ જ વડોદરાની ભવિષ્યની વિકાસયાત્રાની બ્લુ-પ્રિન્ટ તૈયાર કરવામાં આવી હતી.

### ●રમણભાઈ હ. પટેલ


**કાર્યકાળ : 10-12-75 થી 5-12-80**



વડોદરાના ઈતિહાસમાં રમણભાઈ પટેલે 10-12-75 થી 5-12-80 સુધી સતત 5 વર્ષ મેયર તરીકે જવાબદારી નિભાવી હતી. તેમના શાસનકાળ દરમિયાન શહેરમાં રસ્તાઓનું મોટું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું હતું. વડોદરાની વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને પીવાના પાણીની લાઈનો નાખવી અને ગટર વ્યવસ્થાના આધુનિકીકરણના પ્રોજેક્ટ્સને તેમણે વેગ આપ્યો હતો. ટ્રાફિક વ્યવસ્થાના આયોજન માટેના પાયાના નિર્ણયો તેમના સમયમાં લેવાયા હતા.

### ●ડૉ. ઠાકોરભાઈ વી. પટેલ

**કાર્યકાળ : 01-07-68 થી 23-01-73**



શહેરના બીજા મેયર તરીકે ડો. ઠાકોરભાઈ પટેલે 1-7-68 થી 23-1-73 સુધી સેવા આપી હતી. તેઓ એક નિષ્ઠાવાન નેતા હોવાની સાથે આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાત હતા. તેમના સમયમાં શહેરની સરકારી હોસ્પિટલોનું આધુનિકીકરણ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નેટવર્કને મજબૂત બનાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગરીબ બાળકો માટેની શૈક્ષણિક સુવિધાઓ અને પાલિકા સંચાલિત શાળાઓના ઉત્થાન માટે તેમણે મહત્વના નિર્ણયો લીધા હતા.

### ●ડૉ. જતીનભાઈ વી. મોદી

**કાર્યકાળ : 16-5-81 થી 10-1-83, 14-2-85 થી 12-2-87**



ડો. જતીનભાઈ મોદીએ 16-5-81 થી 10-1-83 અને ત્યારબાદ 14-2-85 થી 12-2-87 સુધી વિવિધ ટર્મમાં શહેરનું નેતૃત્વ કર્યું હતું. તેઓ વડોદરાના અત્યંત લોકપ્રિય અને વિઝનરી મેયર તરીકે ઓળખાય છે. તેમના સમયમાં વડોદરાની 'સંસ્કારી નગરી' તરીકેની ઓળખ મજબૂત બની હતી. શહેરના ઐતિહાસિક સ્થાપત્યોની જાળવણી, બગીચાઓનું બ્યુટિફિકેશન અને વહીવટી તંત્રમાં ડિજિટાઈઝેશનના શરૂઆતના પગલાં લેવામાં તેમનું યોગદાન અગ્રિમ રહ્યું છે.

**તમામ મહાનુભાવોના સંયુક્ત પ્રયાસોથી વડોદરા આજે એક આધુનિક શહેર તરીકે ઉભરી આવ્યું છે**

---

બુકાનીધારી તસ્કરો સીસીટીવીમાં કેદ

# બાજવામાં તસ્કરોનો આતંક એક જ રાતમાં પાંચ દુકાનોના તાળા તોડ્યા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.23
શહેર નજીક આવેલા બાજવા ગામમાં એક સાથે પાંચ દુકાનોના શટર ઊંચા કરી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો. હાલ ચોરી કરનાર તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. બીજી તરફ વેપારીઓમાં આ ઘટનાને લઈ ભયનો માહોલ જોવા મળ્યો છે. વેપારીઓએ ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરોનું પગેરું મેળવવા આગળની કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં ફરી એકવખત તસ્કરોનો આતંક સામે આવ્યો છે.

બાજવા ગામના ગાંધી રોડ વિસ્તારમાં ફરી એકવાર ચોરીની ઘટના સામે આવી છે. જેને કારણે સ્થાનિક વેપારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. મળતી માહિતી મુજબ મધરાત્રીએ ચોરોએ એક સાથે પાંચ દુકાનોને નિશાન બનાવી હતી. ચોરોએ દુકાનોના શટર તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને આશરે 18 હજાર રૂપિયાની રોકડ રકમ સહિત મરચું મસાલાની પણ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ચોરીની ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા વેપારીઓમાં ચિંતા અને અસુરક્ષાની લાગણી વ્યાપી ગઈ છે. દુકાનદારોએ જણાવ્યું હતું કે આ વિસ્તારમાં વારંવાર આવી ચોરીની ઘટનાઓ બનતી રહે છે, છતાં પણ પોલીસ પેટ્રોલિંગ થતું નથી. સતત વધતી ચોરીની ઘટનાઓને પગલે વેપારીઓએ પોલીસ સામે રોષ વ્યક્ત કર્યો છે. આ સમગ્ર ઘટનાને લઈને વેપારીઓ દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેને લઈ પોલીસે તસ્કરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

## અમિતનગર બ્રિજથી કારેલીબાગ પાણીની ટાંકી સુધી પાલિકાનું વન ડે વન રોડ અભિયાન

વડોદરાઃ વડોદરા મહાનગરપાલિકાના પાર્ક્સ એન્ડ ગાર્ડન શાખા દ્વારા અમિતનગર બ્રિજથી કારેલીબાગ પાણીની ટાંકી સુધી બંને સાઈડ તેમજ ડિવાઈડર ખાતે સાફ-સફાઈ તેમજ વૃક્ષોના ટ્રીમિંગ અને કટીંગની કામગીરી કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત માર્ગોની આસપાસ ઉગેલા ઝાડ ઝાંખર વધેલા ડાળખા અને અનિયંત્રિત વનસ્પતિઓ અને જરૂરી જગ્યાએ કટિંગ કરવામાં આવ્યું હતું, સાથે સાથે રસ્તા તથા તેની આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે વિશેષ સફાઈ કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીમાં પાર્ક એન્ડ ગાર્ડન શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ સક્રિય રીતે જોડાયા હતા. વન-ડે વન રોડ અભિયાન દ્વારા શહેરના માર્ગોને વધુ સ્વચ્છ સુરક્ષિત અને સૌંદર્ય પૂર્ણ બનાવવાનો હેતુ છે. આ ઉપરાંત શાખા દ્વારા આ પ્રકારની કામગીરી આવનારા દિવસો પણ નિયમિત રીતે ચાલુ રખાશે.

મુખ્ય માર્ગો પર રેલી; કાર્યકરો જોડાયા

# વડોદરામાં પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો રોડ-શો યોજાયો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.23
આગામી ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને વડોદરા શહેરમાં ગુરુવારે સાંજે ભાજપ દ્વારા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની આગેવાનીમાં રોડ-શો યોજાયો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં પક્ષના કાર્યકરો અને સમર્થકો જોડાયા હતા. રોડ-શો દરમિયાન પ્રદેશ પ્રમુખ ખુલ્લી વાહનમાં સવાર રહી જનતાનું અભિવાદન સ્વીકાર્યું હતું અને પક્ષના ઉમેદવારોને સમર્થન આપવા અપીલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન શહેરના કેટલાક માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક ભાજપના આગેવાનો અને કાર્યકરો ધ્વજ અને ખેસ સાથે ઉપસ્થિત રહ્યા હતા. માર્ગના વિવિધ સ્થળોએ કાર્યકરો દ્વારા સ્વાગત કાર્યક્રમો પણ યોજાયા હતા. રોડ-શોને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ચૂંટણી પ્રચાર પૂર્ણ થવા પૂર્વે શહેરમાં રાજકીય પક્ષોની પ્રવૃત્તિઓ તેજ બની રહી છે.

---

મહિલાને ફોન કરી રૂ. 2 લાખ ટ્રાન્સફર કર્યા હોવાનું કહેવા જણાવ્યું હતું

# અવધૂત ફાટક પાસે યુવકને મારામારી ત્રણ ગઠિયા 28 હજારની લૂંટ કરી ફરાર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23
વડોદરા શહેરના માંજલપુર અવધૂત ફાટક પાસે ત્રણ ભેજાબાજોએ પાદરાના એક યુવકને આંતરી મારામારી આશરે 28 થી 30 હજાર જેટલી રોકડ રકમની લૂંટ કરી ફરાર થયા હતા. યુવકની ફરિયાદને આધારે પોલીસે આસપાસના વિસ્તારોમાં સર્ચ હાથધર્યું હતું. જોકે અજાણ્યા ઈસમો ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.



કૃણાલ ગાંધી ભોગ બનનાર

વડોદરામાં મોડી રાત્રી દરમિયાન પાદરાના યુવકને ખર્ચો પાણી આપવું પડશે કહી માર મારી લૂંટ ચલાવી એક્ટિવા પર સવાર ત્રણ અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાની ઘટના બની હતી. ફરિયાદી પાદરાના કૃણાલ ગાંધીએ જણાવ્યું હતું કે અવધૂત ફાટક પાસે એકટીવા પાસે ત્રણ જણ ઊભા હતા.

હું પાણી પીવા માટે ઉભો રહ્યો હતો. ત્યારે એક જણે મને એવું કીધું કે તું કોઈપણ એક લેડીઝને ફોન કર, તો મેં તેમને ના પાડી હતી અને પછી તેમના જ મોબાઈલ પરથી મારી પાસે ફોન કરાવડાવ્યો હતો અને બે લાખ રૂપિયા ટ્રાન્સફર થયા છે, તેવું કહેવા જણાવ્યું હતું અને જેને ફોન કરાવ્યો હતો એ મારા દુકાને જે છોકરો આવે છે તેની મમ્મી હતી. એટલે એની મમ્મીને પણ ખબર નથી કે, મેં ફોન કર્યો હતો અને ત્યાર પછી મને ખર્ચા પાણીના પૈસા આપવા માટે દબાણ કરતાં મે તેઓને તું પોલીસવાળો છે તો ખર્ચો પાણી મારે તને આપવાનો, પૈસા આપવાના એમ કહેતા તેઓએ મને બે ત્રણ લાફા મારી દીધા હતા પછી તેઓ અવધૂત ફાટક પાસે ગયા હતા હું એમની પાછળ પાછળ ગયો મેં તેમની ગાડી નો પીછો કર્યો હતો અને ગ્રાઉન્ડમાં તેઓ જતા રહ્યા હતા. હું પરત ફરતા અચાનક જ એ લોકો પાછળથી આવી ગયા હતા અને ગાડી પરથી ઉતરતાની સાથે જ મને માર મારી 28 થી 30 હજાર રૂપિયા જેટલી રોકડ હતી એ લઈ ભાગી ગયા હતા. એ ત્રણ લોકો હતા ખિસકોલી સર્કલથી આગળ આવીએ બ્રિજ નજીક ત્યાં આ ઘટના મારી સાથે બની હતી. આ અંગે યુવકે પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરતા પીસીઆર વાન સ્થળ પર આવી પહોંચી હતી અને લૂંટ કરી ફરાર થયેલા ગઠિયાઓની શોધખોળ હાથ ધરી છે.

અકસ્માતને પગલે લોકટોળા ઉમટી પડ્યા હતાં

# DPS સ્કૂલ બસની ટક્કરે મોપેડ સવાર આધેડ ગંભીર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23
વડોદરા શહેરમાં અકસ્માતોની ભરમાર વચ્ચે વધુ એક અકસ્માતની ઘટના બની હતી માંજલપુર દરબાર ચોકડી પાસે દિલ્હી પબ્લિક સ્કૂલની બસે જોરદાર ટક્કર મારતા મોપેડ પર સવાર આધેડને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

વડોદરા શહેરમાં અકસ્માતોના બનાવોનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. તેવામાં ગુરુવારે સવારે વધુ એક અકસ્માતની ઘટના બની હતી. જેમાં એક ખાનગી સ્કૂલની બસે અડફેટે લેતા એક્ટિવા પર સવાર આધેડને ગંભીર ઈજા પહોંચી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી કેવલ કૃપા સોસાયટીમાં રહેતા 55 વર્ષીય રાજેશ લીંબાડકર



પોતાનું મોપેડ લઈ કામ અર્થે જઈ રહ્યા હતા. દરમિયાન દરબાર ચોકડી પાસે પાછળથી દિલ્હી પબ્લિક સ્કૂલની બસના ચાલકે જોરદાર ટક્કર મારતા મોપેડ પર સવાર રાજેશભાઈ રોડ પર પટકાયા હતા. જેના કારણે તેમને શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોક ટોળા એકત્ર થઈ ગયા હતા અને 108 મારફતે ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે બનાવને પગલે પોલીસે સ્કૂલ બસના ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી હતી.

હિન્દુ-મુસ્લિમ વેપારીઓ એક સાથે, ધાર્મિક પ્રતીકોના અપમાનના આક્ષેપ સામે વિરોધ

# લેન્સકાર્ટ સામે વિરોધનો વંટોળ, વડોદરા ઓપ્ટિકલ એસોસિએશન દ્વારા 'બોયકોટ'

(પ્રતિનિધિ), વડોદરા. તા.23
વડોદરા સહિત સમગ્ર દેશમાં ઓપ્ટિકલ વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓમાં લેન્સકાર્ટ કંપની વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે. લેન્સકાર્ટ દ્વારા શરૂ કરવામાં આવેલા એક કથિત વિવાદિત અભિયાનમાં હિન્દુ ધાર્મિક પ્રતીકો જેવા કે તિલક, સિંદૂર અને કલાવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે, વડોદરા ઓપ્ટિકલ એસોસિએશને મોરચો માંડ્યો છે. આ મામલે ધાર્મિક વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ થતો હોવાનું જણાવી વેપારીઓએ કંપનીના બહિષ્કારનો નિર્ણય લીધો છે. આજે વડોદરાના રાવપુરા વિસ્તારમાં આવેલા સનરાઈઝ કોમ્પ્લેક્સ નજીક ઓપ્ટિકલ એસોસિએશનના હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયના વેપારીઓ એકત્ર થયા હતા. વેપારીઓએ હાથમાં




પ્લેકાર્ડ લઈને કંપનીની નીતિઓ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. "ધાર્મિક ભાવનાઓ સાથે ચેડાં નહીં ચાલે" અને "લેન્સકાર્ટ કંપનીનો બહિષ્કાર કરો" તેવા નારાઓ સાથે રાવપુરા રોડ વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. વડોદરા ઓપ્ટિકલ એસોસિએશનના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે, જ્યાં તમામ ધર્મોનું સન્માન થાય છે. લેન્સકાર્ટ કંપની દ્વારા જે પ્રકારનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, તે સમાજમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે વૈમનસ્ય ફેલાવવાનું દુષ્ટ કૃત્ય છે. એસોસિએશને સ્પષ્ટ કર્યું હતું કે, આ માત્ર વેપારનો વિષય નથી, પરંતુ દેશની એકતા અને ધાર્મિક આસ્થા પરનો પ્રહાર છે. વિરોધ દરમિયાન વેપારીઓએ એકસૂરે જણાવ્યું હતું કે, જ્યાં સુધી સરકાર આ બાબતે સત્તાવાર પરિપત્ર બહાર પાડીને કંપની વિરુદ્ધ કાયદેસરના કડક પગલાં નહીં લે, ત્યાં સુધી આ વિરોધ યથાવત રહેશે.

---

## પંચમહાલની મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા

ગોધરા : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને પંચમહાલ જિલ્લામાં સ્વીપ એક્ટિવિટી હેઠળ મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શાળાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અજય દહિયાના માર્ગદર્શન હેઠળ સ્વીપ એક્ટિવિટીના ભાગરૂપે લોકો માટે લોકશાહી મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવા અને મતદાનનું મહત્વ સમજાવવા માટે વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત પંચમહાલ જિલ્લાની ગોધરાની મોડેલ સ્કૂલ,શહેરની પીએમ શ્રી મોડેલ સ્કૂલ,તથા શહેરા ગામના ચોકમાં રંગોળી થકી મતદારને મતદાન કરવા અપીલ કરી હતી.આ રંગોળીમાં "વોટ ફોર અ બેટર નેશન" , "આપણો મત આપણો અધિકાર","મતદાન મારો અધિકાર" જેવા સૂત્રો સાથે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.

રેલવે પોલ પરના કેબલો બળીને ખાખ

# રણોલી-GACL બ્રિજ નીચે પ્રચંડ ધડાકા સાથે ભીષણ આગથી દોડધામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23
શહેરના ઉત્તર છેવાડે આવેલા ઔદ્યોગિક વિસ્તાર રણોલીથી GACL તરફ જવાના માર્ગ પર આવેલા બ્રિજ નીચે ગત રોજ મોડી રાત્રે રેલવે પોલ પર એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી. ધડાકાભેર લાગેલી આ આગને પગલે સમગ્ર વિસ્તારમાં ગભરાટનો માહોલ ફેલાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે બ્રિજ નીચેથી પસાર થતા ઈલેક્ટ્રિક કેબલો બળીને રાખ થઈ ગયા હતા, જેના કારણે સ્થાનિક સોસાયટીઓમાં વીજ ઉપકરણોને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ઘટનાની વિગત મુજબ, રણોલી-GACL બ્રિજ નીચે આવેલા રેલવે પોલ પર અચાનક શોર્ટ સર્કિટના કારણે કે અન્ય કોઈ કારણોસર પ્રચંડ ધડાકા સાથે આગ લાગી હતી. રાત્રિના અંધકારમાં આગની જ્વાળાઓ અને ધડાકાનો



અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો. બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકો આ ભયાનક દ્રશ્ય જોઈને થંભી ગયા હતા, જેના પરિણામે બ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. કુતૂહલવશ લોકોના ટોળા ઉમટી પડતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આગની આ ઘટના બ્રિજની નજીક આવેલી સત્યનારાયણ સોસાયટીના રહીશો માટે ચિંતાનો વિષય બની હતી. રહેવાસીઓએ જણાવ્યું હતું કે, આગના કારણે વોલ્ટેજમાં વધ-ઘટ થતા ટીવી, ફ્રીજ અને એસી જેવા મોંઘા વીજ ઉપકરણો બળી જવાની શંકા જાગી હતી. એકતરફ ઉનાળાની આકરી ગરમી અને બીજી તરફ મોડી રાત્રે વીજળી ગુલ થવાની આશંકાથી લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. રહીશોમાં એ વાતનો પણ રોષ જોવા મળ્યો હતો કે તંત્રને વારંવાર જાણ કરવા છતાં લાંબા સમય સુધી કોઈ જવાબદાર અધિકારી કે કર્મચારી ઘટનાસ્થળે ફરક્યા ન હતા. આખરે ફાયર ફાઈટરો સાથે ઘટનાસ્થળે પહોંચેલા લાશ્કરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ બુઝાયા બાદ સ્થિતિ થાળે પડી હતી અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો. જોકે, આ આગમાં બ્રિજ નીચે નાખવામાં આવેલા અસંખ્ય કેબલો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ તંત્રની ઘોર બેદરકારી અને મોડી કામગીરીને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## અંબા ઓટો સેલ્સ સર્વિસીસનો IPO સોમવારે ખુલશે

વડોદરાઃ ઓટોમોબાઈલ અને કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ રિટેલ ક્ષેત્રમાં કાર્યરત અંબા ઓટો સેલ્સ એન્ડ સર્વિસીસ લિમિટેડે ૨૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પોતાની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) ખુલ્લી મુકવાનો પ્રસ્તાવ જાહેર કર્યો છે. આ ઈશ્યુ દ્વારા કંપની એનએસઇ ઈમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ સાથે અંદાજે ૬૫.૧૨ કરોડ સુધીની રકમ એકત્ર કરવાનો લક્ષ્ય ધરાવે છે. આ આઈપીઓ હેઠળ ૧૦ અંકિત મૂલ્યના કુલ ૪૮,૨૪,૦૦૦ ઈક્વિટી શેર ઓફર કરવામાં આવશે. પ્રતિ શેર પ્રાઈઝ બેન્ડ ૧૩૦ થી ૧૩૫ નક્કી કરવામાં આવ્યો છે. લોટ સાઈઝ ૧,૦૦૦ શેરનો રહેશે અને ઓછામાં ઓછા ૨,૦૦૦ શેર માટે બોલી લગાવી શકાશે. ઈશ્યુ ૨૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બંધ થશે. કંપનીના ચેરમેન પ્રદીપ કુમાર લોહિયાએ જણાવ્યું હતું કે આ આઈપીઓ કંપનીના વિસ્તરણ અને ગ્રાહક પહોંચ વધારવા માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

બંને ઈસમો અગાઉ વિવિધ ગંભીર ગુના હેઠળ ઝડપાયા હતાં

# સન ફાર્મા રોડ પરથી ટ્રોલી સહિત ટ્રેક્ટરની ચોરી કરનાર બે ઝડપાયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.23
સન ફાર્મા રોડ ઉપરથી ટ્રેક્ટર અને તેની ટ્રોલીની ચોરી થઈ હોવાની ફરિયાદ જેપી રોડ પોલીસ મથકમાં નોંધાઈ હતી. દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે દુમાડ ચોકડી પાસેથી ટ્રોલી અને ટેકટર ની ચોરી કરનાર બે શખ્સોને ઝડપી પાડી 5.75 લાખ નો મુદ્દા માલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સન ફાર્મા રોડ ઉપરથી ગત તારીખ 14 એપ્રિલ સાંજના 6:30 વાગ્યાથી તારીખ 15 એપ્રિલના સવારના 7:30 વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન એક ટ્રેક્ટર અને તેની ટ્રોલી સહિતની ચોરી થતા જેપી રોડ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે દેણા ચોકડી ખાતે ચોક્કસ માહિતીને આધારે વોચ ગોઠવી દુમાડ ચોકડી તરફથી એક ઈસમ બજાજ સિટી 100 મોટરસાયકલ



પર અને બીજો ઈસમ ટ્રેક્ટર ચલાવતા બંને નંબર પ્લેટ વગરના વાહનો આગળ પાછળ રહી આવતા જણાય આવતા આ બંને ઈસમોની અટકાયત કરી હતી. તપાસમાં મોટરસાયકલ પર જઈ રહેલ ઈસમ નામે પંચમહાલનો ભરત ભરવાડ અને ટ્રેક્ટર લઈને આવી રહેલ આણંદનો જયદીપ રાઠોડ આ બંને ઈસમોએ પૂછપરછ દરમિયાન ભેગા મળી સન ફાર્મા રોડ પરથી ટ્રોલી સહિતના ટ્રેક્ટરની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જેને આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટ્રેક્ટર, ટ્રોલી, મોટરસાયકલ, મોબાઈલ ફોન સહિત 5.75 લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી માટે બંનેને જેપી રોડ પોલીસ મથકને સોંપવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, બંને ઈસમો અગાઉ વિવિધ ગંભીર ગુના હેઠળ ઝડપાયેલા હોવાનું જાણવા મળ્યું હતું.